May 2021

Issue No. 18

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

## અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિતવર્ગના સ્પેશિયલ નીડ બાળકો સાથે કામ કરે છે. પ્રભાત બાળકો અને પુખ્ત વયે માનસિક અને શારીરિક પડકારોની સેવા કરે છે, તેમની સંપૂર્ણ સંભાવના પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.સંસ્થા ૩ પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે:-પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન, એડવોકેસી દ્વારા નેટવર્કિંગ. પ્રભાતે એક બાળક સાથે કામ શરૂ કર્યું હતું અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશેષ જરૂરિયાતો ધરાવતા 3000 થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.

### અનુભવો...

એક દિવસ આપણી સંસ્થાની CBR ટીમ દ્વારા શાહવાડી વિસ્તારના દરેક ઘરના સર્વે કરવામાં આવ્યા. ત્યાંથી એવા બે ભાઈઓની માહિતી મળે છે કે જેમાંથી એકને માનસિક વિકલાંગતા છે અને બીજો ભાઈ લર્નિંગ ડિસેબિલિટી ધરાવે છે. તેઓના નામ છે હરેશ અને યશવંત.

બંને ભાઈઓના ઘરની આર્થિક સ્થિતિ ખૂબ નબળી હોવા છતાં તેઓના પિતા હંમેશાથી બાળકોને ભણાવવા અને જીવનમાં આગળ વધારવા તત્પર છે. દિનેશભાઈની આ ઈચ્છા અને બાળકોની ધગશ જોઈને સંસ્થાની ટીમ દ્વારા યશવંતનું એડમીશન વંદે-માતરમ સ્કૂલમાં કરાવવામાં આવ્યું. સ્કૂલના પ્રિન્સિપાલ સાથે વાતચીત કરી તેની ફી સંસ્થા દ્વારા આપવામાં આવે છે. હું અને કેયુરભાઈ સંસ્થાના સ્પેશિયલ એજ્યુકેટર તરીકે યશવંતને વંદે-માતરમ સ્કૂલમાં જઈને શિક્ષણ આપીએ છીએ. તેની સાથોસાથ હું યશવંતના નાના ભાઈ હરેશને પણ શિક્ષણ આપું છું. પહેલા તો સ્કૂલમાં સમયસર ન આવવું, નાહ્યા વગર આવવું, અસ્વછ કપડાં પહેરવા, પોતાનું નામ-અટક-સરનામું અને પોતાના માતા-પિતાના નામ ન આવડવા જેવા પ્રોબ્લેમ તેમનામાં  જોવા મળ્યા હતા.

વંદે-માતરમ સ્કૂલમાં એડમિશન લીધું ત્યારથી હું યશવંતને શિક્ષણમાં ગણિત, અંગ્રેજી, ગુજરાતી, ચિત્ર, નિબંધ જેવા વિષયો પર ભણાવવું છું જયારે હરેશને રંગ ઓળખ, નંબર ગણતરી, વારના નામ, મહિનાના નામ, ગુજરાતી બારાખડી જેવું પ્રાથમિક શિક્ષણ આપું છું. મને યાદ છે એક દિવસ જયારે હું યશવંતને સરવાળા, બાદબાકી શીખવાડતો હતો અને તેને તે અઘરું લાગતું હતું. પછી મેં તેને સરળ ટ્રીકથી શીખવાડ્યું ત્યાર પછી તેના માટે  સરવાળા, બાદબાકી કરવા સરળ બની ગયા. પછી તે મને કહેવા લાગ્યો કે હું મોટો થઈને કમાવા જઈશ ત્યારે આ સરવાળા, બાદબાકીનો ત્યાં ઉપયોગ કરીશ. તે પળ મારા જીવનની એક યાદગીરી રહેશે.

આજે સંસ્થાના એક સફળ એજ્યુકેશન અને એડ્મીશનથી હરેશ અને યશવંતના વર્તન-વ્યવહારમાં ઘણા બદલાવ આવ્યા છે. હાલમાં યશવંત છઠ્ઠા ધોરણમાં ભણે છે. હવે તેઓ સ્કૂલમાં સમયસર આવે છે, નાહી-ધોઈને  સ્વચ્છ કપડાં પહેરે છે, પાડોશીના બાળકો અને સ્કૂલમાં બીજા સ્ટુડન્ટ્સ સાથે સારું વર્તન કરવું, ઘરમાં મમ્મીને મદદ કરાવવી અને તે ઉપરાંત રજાના દિવસે કારખાનામાં જઈને પિતાને મદદ કરાવવી.

યશવંત અને હરેશના માતા-પિતાના કહેવા અનુસાર જો પ્રભાત દ્વારા આ મદદ ન મળી હોત તો બાળકો શિક્ષણથી વંચિત રહ્યા હોત અને ક્યાંક મજૂરી કરતા હોત. સંસ્થા દ્વારા કરેલ આ શિક્ષણકાર્ય તથા સહકારનો તેઓ ખૂબ આભાર માને છે!



By: - Hardik Chavda
Special Educator

"જેના સાથે રોજ ઝગડો કરું, અને તો પણ મને એના વગર ના ચાલે એ મારો ભાઈ!"

લીડર સ્ટોરી

## “એક વ્યક્તિ હોવાનું ગર્વ એ છે કે હંમેશા અન્યને મદદ કરવી.”

આજે આપણે વાત કરીએ શાહઆલમ વિસ્તારના વુમન લીડર તરીકે કાર્ય કરતા હવાબેનની. સંસ્થાએ શાહઆલમ વિસ્તારમાં કોમ્યુનીટી બેઝ રિહાબિલીટેશન શરુ કર્યું અને ત્યાં હવાબેન સાથે પરિચય થયો. હવાબેનના પરિવારમાં 7 સભ્યો રહે. તેમનો પુત્ર, પુત્રવધુ, 4 પૌત્રો અને પોતે. હવાબેન ઉંમરલાયક હોવા છતાં પણ ઘરનો બધો કારભાર સંભાળે. તેમના એક પૌત્રમાંથી સલમાન કે જે સ્પેશ્યલ બાળક છે તેને સંસ્થામાં એડમીશન લઈ સ્પેશિયલ એજ્યુકેશન પ્રાપ્ત કરે છે. સલમાનને Speech Impairment અને Moderate Mental Retardation ધરાવે છે.

હવાબેન શાહઆલમ વિસ્તારના મહિલા લીડર તરીકેની ફરજ બજાવે છે. ત્યાંની મહિલાઓ હવાબેનને બહુ માને, તેઓને કોઈ પણ મુશ્કેલી આવે તો તેના સુઝાવ માટે હવાબેન પાસે આવે. સંસ્થા દ્વારા કોમ્યુનિટીમાં કામગીરી કરવામાં આવે ત્યારે હવાબેન આસપાસના વિસ્તારના લોકોને લઈ આવે. તે ઉપરાંત સંસ્થાની દરેક કામગીરીમાં તેમનો ફાળો અચૂક હોય. પછી તે પત્રિકા વિતરણ હોય, સર્વેની કામગીરી હોય, સાધન-સહાયનું વિતરણ હોય, કેમ્પનું આયોજન હોય. મહિલાઓ અને છોકરીઓ સાથે સંસ્થાને વાતચીત કરવાનું માધ્યમ એટલે હવાબેન, આવું કહીએ તો તો જરાપણ ખોટું નહીં. સંસ્થા દ્વારા કરવામાં આવેલ મહિલા અવેરનેસ પ્રોગ્રામમાં તેમના વિસ્તારમાં આવેલ મહિલાઓને પ્રોગ્રામ અંગેની જાણકારી આપી તેઓને લઈ આવ્યા હતા. હવાબેનના વર્ચસ્વ અને પ્રભાવના કારણે સંસ્થાને કોમ્યુનિટીમાં કામગીરી કરવા દરમ્યાન ક્યારેય મુશ્કેલી કે અડચણનો સામનો કરવો પડ્યો નથી. તેઓના સાથ-સહકારથી સંસ્થા ઘણા લોકો સુધી પહોંચી શકી અને તેમને જરૂરી સહાય આપી મદદ કરી શકી છે.

કહેતા ઘણું દુઃખ થાય છે કે સંસ્થા આવા વડીલ લીડર હવે આપણી વચ્ચે રહ્યા નથી. તેમની આત્માને ભગવાન શાંતિ આપે. હવાબેન જેવા લીડરને અને તેમના સાથ-સહકારને પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન હંમેશા યાદ રાખશે.

By: - Keshav Chatterjee
Director






મુબારક હો!

"બાર બાર દિન યે આયે, તુમ જીઓ
હજારો સાલ, સાલ કે દિન હો હજાર
હેપ્પી બર્થ ડે ટૂ યુ,
હેપ્પી બર્થ ડે ટૂ યુ.”
પ્રભાત ટીમની જન્મદિન નિમિત્તે ખૂબ-ખૂબ શુભેછા.




4th June, રાજભાઈ



24th June, જાગૃતિબેન





https://www.instagram.com/prabhat_education_foundation/
https://www.youtube.com/channel/UCe1oxuBWMDvyCRk2EPzzjlA
https://www.facebook.com/Prabhateducationfoundation/

મંથલી અપડેટ

"સંસ્થાનું હૃદય એટલે પોતાના ટીમ મેમ્બર્સ"

કોરોનાની બીજી લહેરમાં સંસ્થાના ઘણા ટીમ મેમ્બર્સ કોરોનામાં સપડાઈ ગયા હતા, પણ ખુશીની વાત એ છે કે બધાની ઝડપથી રિકવરી થઈ ગઈ હતી. આવા સમયમાં બાકીના ટીમ મેમ્બર્સે સંસ્થા તરફથી પોતાની ફરજ નિભાવી હતી. સંસ્થાનું હૃદય એટલે ટીમ મેમ્બર્સ કે જેઓ મુશ્કેલીના સમયે પણ સમાજ માટે હંમેશા ઉભા રહ્યા છે. સંસ્થા તેઓને સલામી આપે છે અને તેઓનો આભાર વ્યક્ત કરે છે!



**અનાજકીટનું વિતરણ:-** કોરોનાની બીજી લહેરમાં પણ સંસ્થા પોતાની ફરજ અદા કરવાથી ચુકી નથી. સંસ્થાએ ફરીથી પોતાના પેરેન્ટ્સ માટે એક સૈન્યનું કાર્ય કર્યું છે. સંસ્થા દ્વારા કોમ્યુનિટીમાં ફરી જરૂરમંદ પરિવારોને ત્યાં અનાજ કીટનું વિતરણ કરવામાં આવ્યું. આ કીટમાં લોટ, ચોખા, તેલ, દાળ, કઠોળ, મીઠું અને ખાંડનો સમાવેશ થાય છે, અને બીજીબાજુ સંસ્થાના ડોનરમિત્રો દ્વારા સંસ્થાના બાળકોને અલગ-અલગ વાનગીઓથી જમાડવામાં આવ્યા છે.

**ઈદની ઉજવણી:-** સંસ્થા જે કોમ્યુનિટીમાં કાર્ય કરે છે ત્યાં ઈદનો તહેવાર ખૂબ પ્રચલિત છે. કોરોના મહામારીમાં તહેવાર ઉજવણીમાં કોઈ ખાસ ઉત્સાહ ન હોવો તે સામાન્ય છે. પરંતુ તે સમયે સંસ્થાએ પોતાના બાળકો અને વાલીમિત્રો માટેની વિચારણા કરીને ઈદ ઉજવણી કરવાનો વિચાર ઉભો કર્યો. તે ઉજવણીના નિમિતે સંસ્થાના બાળકોને કપડાં આપીને તેમનો ઉત્સાહ વધાર્યો અને તેની સાથે ઈદના રોઝા ખોલવાના સમયે ઘરે-ઘરે જઈને પરિવારજનોને જમાડવામાં આવ્યા.

**ઉકાળા વિતરણ:-** કોમ્યુનિટીની સેવા અને આરોગ્યના હેતુથી સંસ્થાની ટીમ દ્વારા ઉકાળા બનાવવામાં આવ્યો અને તે ઉકાળાનું કોમ્યુનિટીમાં વિતરણ કરવામાં આવ્યું.

**વોલિયન્ટર્સ:-** એપ્રિલ મહિનામાં અમદાવાદ યુનિવર્સીટીના સ્ટુડન્ટ સાથે ડીસેબિલિટી એક્ટ, 2016 પર ટ્રેનિંગ અને લર્નિંગ મટીરીયલ બનાવવાના વિષય પર ચર્ચા કરવામાં આવી હતી. તે વિષયને અનુરૂપ અમદાવાદ યુનિવર્સીટીના સ્ટુડન્ટ્સ દ્વારા આ મહિનામાં બુક, પ્રેસન્ટેશન, પોસ્ટરના નમૂના બનાવી સંસ્થાના શિક્ષકોને ઓનલાઇન મીટીંગ દ્વારા બતાવવામાં આવ્યા અને તેના રીવ્યુ માંગી તેના સુધારા અંગે ચર્ચા કરવામાં આવી.

**કેલિપર્સ એસેસમેન્ટ અને વિતરણ:-** સંસ્થા દ્વારા આ મહિને વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓનું ડૉક્ટર દ્વારા એસેસમેન્ટ કરાવવામાં આવ્યું. તે એસેસમેન્ટ પરથી નક્કી કરેલા ધોરણે બાળકોને કેલિપર્સ આપવામાં આવ્યા. આની સાથે સંસ્થાના બાળકોના વિકાસ અને જરૂરિયાતને ધ્યાનમાં રાખીને રોલિંગ ચેર, MR કીટ, મોટર એક્ટીવીટીના સાધનો અને સ્પીચ એક્ટીવીટીના સાધનોનું પણ વિતરણ કરવામાં આવ્યું.

સંસ્થાના એક હોમબેઝ સ્ટુડન્ટ કલ્પેશ(વંશ) મકવાણા તા. 21/05/2021ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પરમાત્મા કલ્પેશ(વંશ)ની આત્માને શાંતિ આપે અને પરિવારજનોને આવી પડેલ દુઃખ સહનકરવાની શક્તિ આપે તેવી ઈશ્વરને પ્રાર્થના!





કેલીપર એસેસમેન્ટ



અનાજકીટનું વિતરણ



ઈદની ઉજવણી



અનાજકીટનું વિતરણ




MR કીટ વિતરણ



ફૂડ-કીટ વિતરણ



ઈદની ઉજવણી







**Address:** A-4, Sujal Apartment,
Opp. Satellite Bungalows,
Ramdevnagar,
Ahmedabad-380015.

PRABHAT EDUCATION FOUNDATION

**Phone:** +91 - 79 - 4890-3054;
**Mobile:** +91 9825009427
**Email:** prabhat@prabhateducationfoundation.org
**Website:** www.prabhateducationfoundation.org